# રાજ્યના દરિયાકાંઠે તીવ્ર વાવાઝોડાનું સંકટ



આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૮૯ | ૮ જૂન, ૨૦૧૫, સોમવાર ; જેઠ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગર સહિત ૪ જિલ્લામાં જુનિયર કલાર્કની પરીક્ષા મોકુફ

## હેલ્થ વર્કર અને જુનિયર કલાર્કના પેપર ફુટતા વધુ એક સ્પર્ધાત્મક પરીક્ષા વિવાદમાં અટવાઈ : પરીક્ષા પહેલા જ આખુ પેપર વોટસઅપ પર ફરતું થઈ જતા તંત્ર એ આખરે પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો : લાખો ઉમેદવારો રઝળી પડયા

ગાંધીનગર, તા.૭

રાજય સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં આજે ફરીવાર સરકારની ભયંકર નિષ્ફળતા સામે આવી છે અને સરકાર ફરીવાર પરીક્ષાનું સફળ આયોજન કરવામાં તદ્દન નિષ્ફળ નિવડી છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં એક પછી એક કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર ભાજપની સરકારમાં સામે આવ્યા છે ત્યારે ગુજરાતમાં ગતિશીલ ભ્રષ્ટાચારનું સૂત્ર સાબિત થતું હોય તેવું દેખાઈ રહ્યું છે. સરકારી તંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા લાખો શિક્ષિત નોકરી વાંચ્છુ યુવાન-યુવતીઓ પાસેથી સરકારી નોકરી પેટે જે વસુલાત કરી રહ્યા છે અને તેના એક પછી એક કરતૂતો પેપર ફૂટવાની ઘટનાથી સામે આવી રહ્યા છે. આવો જ પેપર ફૂટવાનો વધુ એક કિસ્સો તલાટીની પરીક્ષામાં અને ફિમેલ હેલ્થ વર્કર તેમજ જુનિ. કલાર્કની પરીક્ષામાં સામે આવ્યો છે.

શનિવારે રાજયભરમાં પંચાયત ભરતી બોર્ડ દ્વારા રાજય ભરમાં તલાટી કમ મંત્રીની પરીક્ષા લેવામાં આવી હતી જેમાં અનેક સ્થળોએ પરીક્ષા પહેલા જ આખે આખા પેપરો ૪-૫ કલાક અગાઉ જ ફુટી જતા આખુ પેપર વોટસએપ પર ફરતું થઈ ગયું હતું હજુ તો આ પેપરની ચર્ચાએ જોર પકડયું હતું ત્યાં તો આજે લેવાનારી ફિમેલ હેલ્થવર્કર અને જુ. કલાર્કની પરીક્ષાનું પણ પેપર ફુટી જતા વહીવટી તંત્ર એ હેલ્થ વર્કર અને જુ. કલાર્કની ગાંધીનગર, અરવલ્લી, હિંમતનગર અને મહિસાગરની સ્પર્ધાત્મક પરીક્ષા રદ કરી દીધી છે. જેને કારણે અનેક પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ રઝળી પડયા હતા અને આથી ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજય પંચાયત ભરતી બોર્ડ દ્વારા રાજયના જિલ્લાઓમાં ખાલી પડેલ વર્ગ-૩ની અનેક જગ્યાઓ ભરવા માટે થોડા સમય અગાઉ પંચાયતમાં તલાટી કમ મંત્રી, જુ. કલાક અને ફિમેલ હેલ્થ વર્કરની જિલ્લાવાર જગ્યાઓ માટેની જાહેરાત પ્રસિધ્ધ કરી હતી જેમાં રાજયના

● અનુસંધાન પાન-૭ પર

### સરકારી તંત્ર છેલ્લા એક વર્ષની તમામ સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં નિષ્ફળ

રાજય સરકારના વિવિધ વિભાગોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે વિવિધ ભરતી બોર્ડના માધ્યમથી તલાટી, ચીટનીશ, ચીફ ઓફિસર, કલાર્ક, બિનસચિવાલય, કલાર્ક, ફિમેલ હેલ્થ વર્કર, હિસાબનીશ જેવી અનેક પરીક્ષાઓ વિવાદોમાં સપડાતા હજુ સુધી આવી અનેક પરીક્ષાઓના પરિણામ પ્રસિધ્ધ કરાયા જ નથી અને બીજી બાજુ સરકાર પારદર્શક વહીવટ અને ગુડગર્વનન્સની સોફીયાણી વાતો ટોકી રહી છે અને લાખો બેરોજગાર યુવાનોની જિંદગી સાથે ચેડાં કરાઈ રહ્યા છે.

### પરીક્ષાર્થીઓમાં ઘેરો અસંતોષ

રાજયભરમાં વિવિધ વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ પર સરકાર દ્વારા પ્રસિધ્ધ થયેલી જાહેરાતને આધારે શિક્ષિત બેરોજગાર યુવાનો મહિનાઓની મહેનત અને લખોના ખર્ચે દિવસ રાત-તનતોડ તૈયારી કરી રહ્યા છે. ત્યારે આ પ્રકારની પેપર ફૂટવાની ઘટનાથી ઉમેદવારોમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

### ગાંધીનગરના ગગનમાં અદ્દભૂત અવકાશી નજારો....



(તસવીર : કશ્યપ નિમાવત)



### ટીંટોડીએ ટેકરી પર ચાર ઈંડા મુકતાં સારા વરસાદનો સંકેત

ભૂતકાળમાં આધુનિક ટેકનોલોજી ન હતી ત્યારે લોકો પશુ-પંખી - વનસ્પતિની હરકત ઉપરથી ચોમાસાનું આગમન કે કેવો વરસાદ થશે તેની આગાહી કરાતી હતી. તેવી જ રીતે હાલમાં પણ ટીંટોડીએ અરવલ્લી જિલ્લામાં ટેકલી ઉપર ચાર ઈંડા મૂકતા ભૂતકાળમાં લોકવાયક મુજબ જો ટેકરી ઉપર ટીંટોડી ઈંડા મુકે તો સારો વરસાત અને જો નીચાણવાળા વિસ્તારમાં ટીંટોડી ઈંડા મુકે તો અપૂરતો વરસાદ થાય તેવું અનુમાન કરાતું ત્યારે ટેકરી ઉપર મુકેલા ઈંડાને કારણે સારો વરસાદ થશે એવો આશાવાદ સેવાઈ રહ્યો હોઈ સારા વરસાદનો સંકેત તરફ ટીંટોડી ઈશારો કરી રહી હોય એમ જણાય છે.

(તસવીર : બિપીન પટેલ)

# ઉત્તરમાં આકરી ગરમી : દક્ષિણ-સૌરાષ્ટ્રમાં વરસાદ

## આગામી સપ્તાહમાં રાજ્યભરમાં ચોમાસુ દસ્તક દે તેવી શક્યતાઓ : ઈડરમાં સૌથી વધુ ગરમી

ગાંધીનગર, તા.૭

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આકરી ગરમીનો પ્રકોપ છે તો દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં આજે વરસાદી માહોલ જામતો જોવા મળ્યો છે.

અરબી સમુદ્રમાં ઉભા થયેલા હળવા દબાણને લઈ ૧૦ દિવસ વહેલાં વરસાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આજે નોંધાયો છે. સૌરાષ્ટ્રના જામનગર, ભાવનગર, બોટાદ, પોરબંદર, દ્વારકા, રાજકોટ, ગીર સોમનાથ પંથકમાં વરસાદના હળવા ઝાપટા નોંધાયા છે. તો દક્ષિણ ગુજરાતના સુરત, બારડોલી, ડાંગ, તાપી, વાપી - વલસાડ પંથકમાં હળવાથી ભારે વરસાદના ઝાપટા નોંધાયા છે.

મહુવા પંથકમાં પવનની આંધી સાથે આવેલા વરસાદને કારણે મહુવા -વાંસદાનો ધોરીમાર્ગ વૃક્ષો ધરાશયી થતાં કેટલાક સમય માટે બંધ કરવાની ફરજ પડી હતી.

સાપુતારા પંથકમાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. અરબી સમુદ્રમાં ઉભા થયેલા હળવા દબાણને લઈ ચક્રાવાત ઉભો થયો છે. જે હાલ ઓમાન તરફ ફંટાયુ છે અને તેથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પવન સાથે વરસાદનું આગમન થયું છે. આને કારણે આકરીગરમી અનુભવતા આ વિસ્તારોમાં લોકોએ રાહતનો દમ લીધો છે.

બીજી તરફ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આજે આકરી ગરમી તેની ચરમસીમાએ હતી. ગાંધીનગર શહેરમાં ૪૩ ડીગ્રી, અમદાવાદમાં ૪૩.૭ ડિગ્રી, ડીસામાં ૪૩.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૪.૩ ડિગ્રી અને ઈડરમાં ૪૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

આકરી ગરમીને કારણે આજે રવિવારની રજા હોવા છતાં લોકોએ ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કર્યુ હતું. મોડીસાંજે બફારાથી બચવા લોકો ઈવનીંગ વૉકને પસંદ કરતા નજરે પડ્યા હતા.

દરમિયાન હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી એક સપ્તાહમાં આખા રાજ્યમાં ચોમાસાનો પ્રથમ વરસાદ થઈ જશે. અરબી સમુદ્રમાં ઉભા થયેલા ચક્રાવાતને કારણે હજુ પણ બેથી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદના હળવાથી ભારે વરસાદી ઝાપટા નોંધાશે.

જોકે દરિયામાં ઉભા થયેલા ચક્રાવાતને લઈ માછીમારોને દરિયો ન ખેડવા માટે પણ ચેતવણી આપવામાં આવી છે.

# નગરના આકાશમાંથી અગનવર્ષા

## ગરમી પારો ૪૩ ડીગ્રીએ : જનજીવન પર ઘેરી અસર : બપોરના સમયે શહેરમાં કરફ્યુ જેવો માહોલ

ગાંધીનગર તા ૭

ઉનાળો આ વખતે વધુ આકરો પુરવાર થયો છે.ત્યારે વળતા ઉનાળે ગરમીનો પારો સતત વધતા નાગરિકો ગરમીથી તોબા પોકારી ગયા છે.આજથી શાળાઓનુ વેકેશન ખુલવાનું છે. આવા સંજોગોમાં ગરમીએ આક્રમક મિજાજ બતાવતા વાલીઆલમમાં વધારે ચિંતા પ્રવર્તી છે.છેલ્લા એક સપ્તાહમાં ગરમીનો પારો ૫ ડીગ્રી ઉંચકાતા નગરજનો બેબાકળા બની ગયા છે.

શહેરમાં ગરમીની અસરથી દિવસના સમયે સન્નાટો જોવા મળે છે.વળતા ઉનાળે ગરમીની મૌસમ નિખરતા ફરિ ગરમીના પારાએ દોટ લગાવી છે.છેલ્લા એક સપ્તાહમાં ગરમીનો પારો ૫ ડીગ્રી ઉંચકાયો છે.બપોર થતા જ આકાશમાંથી અગ્નગોળા વરસાતા શહેરના માર્ગો પર સન્નાટો જોવા મળે છે.ગરમીથી છુટકારો મેળવવા નગરજનો હવે વરસાદની રાહ જોઈ રહયા છે.આવા સંજોગોમાં ગરમીનો પારો સતત વધતા દિવસનો તાપ વધુ આકરો બન્યો છે.

છેલ્લા બે મહિનાથી ગરમીની અસરથી નગરનું જનજીવન પણ સુન્ન પડી ગયું છે.ત્યારે ખેડુતો પણ વરસાદી વાદળો મંડરાય તેવી આશા સાથે નભ તરફ નિરખી રહયા છે.શાળાઓમાં સોમવારથી વેકેશન ખુલવાનું હોવાથી ગરમી વિધાર્થીઓ તેમજ વાલીઓ માટે ચિંતાનું કારણ બની છે. આજે સતત પાંચમા દિવસે પણ ગરમીનો પારો એક ડીગ્રી વધતા આજે શહેરનું તાપમાન ૪૩ રહયુ હતું. ગત સપ્તાહમાં નાટયાત્મક હવામાન પલ્ટા બાદ ગરમીનું જોર સતત વધતા ગરમી ટોક ઓફ ધ ટાઉન બની છે.

# આજે પેથાપુરમાં મુખ્યમંત્રી ભૂગર્ભ ગટર યોજનાનું લોકાર્પણ કરશે

ગાંધીનગર, તા.૭

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આજે શહેર નજીક આવેલ પેથાપુર ગામે ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીનું લોકાર્પણ કરશે.

સાંજે ૬-૩૦ કલાકે યોજાયેલા આ કાર્યક્રમની તૈયારીઓ તંત્ર દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. રૂ. ૧૫ કરોડના ખર્ચે પાણી - પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા આ યોજના તૈયાર કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર નજીક આવેલ પેથાપુર નગરનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને ધ્યાને રાખી ભૂગર્ભ ગટર વ્યવસ્થાનું આયોજન જરૂરી બન્યું હતું. મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પાંચ હજારથી વધુ આવાસોને આવરી લેતી આ ગટર યોજનાનું કામ બોર્ડ દ્વારા ખૂબ જ ટુંકાગાળામાં સંપન્ન કરવામાં આવ્યું છે.

આ અગાઉ રાંધેજા ગામે રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર વ્યવસ્થાની કામગીરી થઈ હતી જે ઉલ્લેખનીય છે. આમ પેથાપુર અને રાંધેજા એ ઝડપથી વિકસી રહેલા વિસ્તારો છે. રાજ્ય સરકારે શહેરીકરણની સમસ્યાને ધ્યાને રાખી આંતરમાળખાકીય કામો પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

અગાઉ પેથાપુરમાં પાણીની ટાંકી તેમજ પાણીના નળ કનેકશન માટેની કામગીરી કરી હતી. પેથાપુર નગરપાલિકાની નબળી વેરા વસુલાતને લઈ તંત્ર દ્વારા વારંવાર સૂચનાઓ પણ નગરપાલિકાને અપાઈ છે.


ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

ફોન : ૨૩૨૩૭૫૭૧






